

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ઉભાડ્યા ચમચાઓને 'સીએમ' થવાની લ્હાય માં -*
*લાયક ને કર્યા કોરાણે, હાર્યા એમની હાયમાં -*
*જાય છે ખાડે, ઘણા રસોઈયા બગાડે રસોઈ -*
*લેવા ગયા પદની લિજ્જત, માખી પડી ચાયમાં...*
*(કોંગી નું કારણ 'ભૂત')*

હાઈકુ

*વાદળ ઢાંક્યો -*
*થ્યો બિચારો - બાયડો,*
*સૂરજ પણ...*

*જીતાડે એવો*
*નેતા તો નક્કી કરો !*
*ભવિષ્ય માટે...*
*(કોંગીની વિસામણ)*

### ચિંતન

*સત્યેન ધાર્યતે લોકઃ ।*

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**સત્ય જ સમાજને ધારણ કરે છે.**

**સત્યનું પાલન કરવાથી પ્રામાણિકતા, પરિશ્રમ, પરોપકાર આદિ સદ્‌ગુણો કેળવવાથી જ સમાજ સુખી બની શકે છે. જે સમાજમાં આ ગુણો નથી હોતા એ સમાજ સમાજ મટી જંગલ બની જાય છે. આથી જ, સત્ય સમાજને ધારણ કરે છે.**

**આજકાલ બંધારણમાં તો અનેક જોગવાઈ અને વિવિધ વર્તુળના કાયદાઓ પણ છે દારૂ-વ્યસનો, દાણચોર, કરચોરી, નૈતિક અનુશાસન, ચોરી, લૂંટ, ખૂન, અપહરણ - વગેરે માટે સજાઓ પણ નિશ્ચિત છે જ પણ સત્યનું પાલન કરે છે કોણ ?**

**સમાજનો આધાર-પાયો કાયદાના પાલન પર છે. સત્ય શેષનાગ છે કાયદાનું નિષ્ઠાપૂર્વક નિયન પાલન એ જ સત્ય છે.**

### સુવિચાર

- વૈરાગ્ય તો મનથી થાય છે, સંસારમાં રહીયે,
  પણ સંસારમાં ગુંથાઈ ન જઈએ તેને જ વૈરાગ્ય કહે છે - **પ્રણવાનંદજી**
- અવસર વિનાની વાત ફિક્કી લાગે છે,
  યુદ્ધના વર્ણનમાં શૃંગારરસની વાત આવે તો તેમાં રસક્ષતિ થાય છે - **ભાણદેવ**
- નવી વાત નવદિવસ... તાણી ખેંચીને તેર દિવસ...
  અને માટીકુટીને માસ દિવસ... પછી ભુલાઈ જાય - **કચ્છી કહેવત**
- જે સુખ ઈચ્છે છતાં કાંઈ કરતો નથી તેના જેવો દુઃખી કોઈ નથી - **જનકલ્યાણ**
- કૂતરા તરફ ફેંકેલુ ભક્ષ એ દાન નથી,
  જયારે તમે કૂતરા જેટલા જ ભૂખ્યા હોવ ત્યારે કૂતરા સાથે ભાગીદારી કરેલું ભક્ષ દાન છે - **સંત રોબિન**
- પ્રત્યેક વ્યક્તિ માટે જ્ઞાનની શોધ ફરજિયાત છે- **મહંમદ પયગંબર**
- આજનું ઔષધ : દસ લીમડાના પાન વાટી તે રસમાં મધ મેળવી ને પીવાથી (નરણે કોઠે) કમળામાં રાહત થાય છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

નરેન્દ્ર (પછીથી સ્વામી વિવેકાનંદ) પંડિત શિવરામ પાસે સંસ્કૃત ભણતા હતા. શિવરામ ગરીબ હતા. બે દિવસથી ફક્ત પાણી પર હતા કારણ કે તેમની પાસે ખાવાના ફાંફા હતા. છતાં નરેન્દ્રને શિખવાડવામાં અનેરો ઉત્સાહ અને તન્મયતા દેખાડતા હતા. ત્રીજા દિવસે ટપાલી મનીઓર્ડર લઈને શિવરામને ઘરે આવ્યો. દસ રૂપિયા રોકડા આપી ટપાલી જતો રહ્યો. પંડિતજીએ મનીઓર્ડરનો સંદેશો વાંચ્યો તો એમની આંખમાંથી આંસુ નીકળી પડ્યા.

નરેન્દ્રએ પૂછ્યું, 'ગુરુદેવ, એવું તો શું થયું કે આપ આટલા ભાવુક થઈ રહ્યાં છો ?' પંડિત શિવરામ બોલ્યા, નરેન્દ્ર આ પ્રભુકૃપા પ્રત્યે કૃતજ્ઞતાનાં આંસુ છે. મારા એક શિવભક્તે મને દસ રૂપિયા મોકલ્યા છે. શિવભક્ત સંદેશામાં લખે છે કે 'મને સ્વપ્નમાં ભગવાન શિવ દેખાયા હતા અને મને કહ્યું કે મારો એક ભક્ત શિવરામ, બનારસમાં બે દિવસથી ભૂખ્યો છે. તું એને મદદ કરજે, હું શિવાજ્ઞાથી આ રૂપિયાથી આ રૂપિયા તમને મોકલી રહ્યો છું, જેનો સ્વીકાર કરજો.'

આ વાત સાંભળી નરેન્દ્ર એ ગુરુદેવને કહ્યું, 'આપ ધન્ય છો, જો બે દિવસથી ભૂખ્યા રહીને પણ મને ભણાવતા રહ્યા, આપે મને કહ્યું કેમ નહિં?' જયારે પંડિત શિવરામે જવાબ આપતા કહ્યું, 'જયારે મારા સર્વેસર્વા પરમાત્મા ખુદ મારી ચિંતા કરી રહ્યા હોય, તો હું તેમના પુત્રો પાસે શું કામ યાચના કરું ?'

નરેન્દ્ર એ ગુરુદેવની અતૂટ શ્રદ્ધાને નમન કર્યા.

# કૌભાંડોનો જોરે જ સત્તાની હેરાફેરી

દેશ અને દુનિયામાં જેના નામે ડૉ. મનમોહનસિંહ નેતૃત્વ હેઠળની યુપીએ સરકાર બદનામ થઈ ગઈ હતી અને એમની સરકારના ડીએમકે પાર્ટીના પ્રતિનિધિ મંત્રી કે જેઓએ વડાપ્રધાન અને નાણાંપ્રધાનની જાણ બહાર જ ૨-જી ક્વૉટા ફાળવી દઈ સરકારી ખજાનાને કહેવાતું લાખો કરોડ રૂપિયાનું કૌભાંડ આચર્યું હતું તેમાં ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર (બલકે ઉંદર પણ ન નીકળ્યો) એવા ચુકાદા પછી અબજો રૂપિયાનો સવાલ એ રહે છે કે તો પછી કોમ્પ્ટ્રોલર ઑડિટર જનરલે રજૂ કરેલા એ મસમોટા નુકશાનીના આંકડા આવ્યા કયાંથી ? કપિલ સિબ્બલ કહે છે કે આવું કોઈ કૌભાંડ થયું જ નહોતું અને ખુદ તત્કાલીન વડાપ્રધાને એમના મંત્રીમંડળના ટેલિકોમ મંત્રી એ. રાજાએ કશું કર્યું હોય અને પોતાને એની જાણ સુધ્ધાં કરવાની પરવા ન કરી હોય તો એ 'ગઠબંધન સરકારની મજબૂરી' હતી. મનમોહનસિંહ જેવા નખશિખ સજ્જન અને પ્રામાણિક વડાપ્રધાનના શાસનકાળમાં ૨-જી કૌભાંડ થયું અને દેશને કરોડો કરોડોનું નુકશાન થઈ ગયું, એવી ધારણા જ એમની સરકારના ઉઠમણા માટેની ભૂમિકા બની રહી. મનમોહન ચોખ્ખા હોઈ શકે પણ તેઓ એમના ભ્રષ્ટ મંત્રીઓ અને સવિશેષ ગઠબંધનના સાથીઓને આવાં કૌભાંડ કરવા દે છે, એની સામે પોતે આંખમિચામણાં કરતા રહ્યા છે અને એની પાછળ કદાચ યુપીએ અધ્યક્ષા સોનિયા ગાંધીનો પણ ઈશારો હોઈ શકે, એવી જાત જાતની અને ભાતભાતની કલ્પનાઓએ ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાનના ઉમેદવાર અને તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આગ ઓકતાં ભાષણો અને ધુંવાધાર આક્ષેપબાજીનો

**તંત્રીસ્થાનેથી...**

મસાલો પૂરો પાડ્યો.

સીબીઆઈએ એ. રાજા અને ડી.એમ.કે.ના સર્વોચ્ચ નેતા કરુણાનિધિનાં સાંસદ પુત્રી કનોમોઝીને જેલના સળિયા પાછળ ધકેલી દીધાં. આટલું બધું કર્યા પછી પણ સાત સાત વરસ સુધી અદાલતને આરોપીઓ વિરુદ્ધ ટકી શકે એવા પુરાવા પૂરા પાડવામાં સરકારની તપાસ એજન્સીઓ સદંતર નિષ્ફળ રહી એથી બિચારા ન્યાયાધીશ પણ અકળાયા છે. તો શું આ આખા ઉપક્રમમાં સીએજી વિનોદ રાયને કોઈ અંગત રસ હતો ? ૨૦૦૮માં ફાળવાયેલ સ્પેક્ટ્રમ ૨૦૦૧ના ભાવે ફાળવી દેવાની નીતિ શંકાસ્પદ તો ગણાય જ. સીબીઆઈએ ૨૦૧૧માં રૂા. ૩૦૯૮૪ કરોડની નુકશાની દર્શાવી હતી. સર્વોચ્ચ અદાલતે બીજા વર્ષે (૨૦૧૨માં) મંત્રી એ. રાજા દ્વારા ગેરરીતિપૂર્વક ફાળવેલ ૨-જી સ્પેકટ્રમનાં ૧૨૨ લાઈસન્સ રદ કરી દીધાં એથી ઘણી ટેલિકોમ કંપનીઓને ભારે આર્થિક નુકસાન ભોગવવું પડ્યું હતું એટલું જ નહીં; એમના શેર હોલ્ડરો પણ કફોડી સ્થિતિમાં મુકાયા હતા. સીબીઆઈ અદાલતે પુરાવા આપવામાં નિષ્ફળ ગયેલ તપાસ એજન્સીનો ઊધડો લીધો છે અને કસૂરવાર ગણાવાયેલ મહાનુભાવોને નિર્દોષ જાહેર કર્યા છે. કોંગ્રેસ માટે આ ચુકાદો અલબત્ત આશ્વાસનરુપ છે પણ એથી નહીં પુરવાર થયેલ કૌભાંડ નહોતું જ થયું તેવું ન કહી શકાય. અરુણ જેટલીએ આ મુદ્દે કરેલું નિવેદન સૂચક છે. સરકાર હાઈકોર્ટમાં અપીલ કરી શકે છે. પરંતુ સાથે એ પણ સાચું કે મોં માથા વગરના આક્ષેપોનો ભોગ બનીને કોંગ્રેસ અને ડીએમકેને પ્રજાની આંખમાં નીચા ઊતરવા જેવી સ્થિતિ સરજાઈ હતી. આવા કૌભાંડો સતત રિપીટ થતાં રહે છે એ પણ કેવી વિડંબના છે! રાફેલ સોદામાં આવી જ દુર્ગંધ આવતી હોવાનું ચર્ચાચું રહ્યું છે. શું ભારત જેવી મહાન પ્રજાએ સતત કૌભાંડોનો જ ભોગ બનતા રહેવાનું છે?

# રાજય સત્તાનો અલ્પમાં અલ્પ અમલ તે રાજય સર્વોત્તમ

**ગાંધીજીના મતે રાજસત્તા એટલે પ્રજાજીવનને ઘડવાની સત્તા**



**ગાંધી ૧૦૦**
ડો. રાજેન્દ્ર જાની

ગાંધીને નામની રાજયસત્તા નહોતી જોઈતી, કામની જોઈતી હતી. રાજય સત્તાને ગાંધી માટે પ્રજાની સ્થિતિ દરેક રીતે સુધારવાનું સાધન હતું. તેમના મતે રાજયસત્તા મેળવવી એટલે દેશના કે રાજયના પ્રતિનિધિઓ દ્વારા પ્રેમજીવનને ઘડવાની સત્તા મેળવવી એવો હતો. પરંતુ પ્રજાજીવનને જો આપોઆપ ઘડાતું જાય તો પ્રતિનિધિઓને સત્તા આપવાની ગરજ ના રહે. આવી પરિસ્થિતિને ગાંધીજી 'અરાજક' એટલે કે સત્તા હોય પણ કોઈ પ્રજાને રાજા ન હોય એવી ગણાવે છે. ગાંધીજી અરાજક પરિસ્થિતિને સારી લેખતા કહે છે 'અરાજકમાં દરેક પોતપોતાના અંકુશમાં હશે, પોતપોતાને રાજા હશે. એ એવી રીતે પોતાને અંકુશમાં રાખશે કે જેથી તેના પડોશીને પણ જરાય હરકતકર્તા ન થઈ પડે. ગાંધીજીની દષ્ટિએ આદર્શ રાજય તે છે જેમાં કોઈ રાજસત્તા ન હોય, પણ એ આદર્શ વ્યાખ્યાન જેવું છે કારણ તેમાં સામુદાયિક રાજયનું અસ્તિત્વ નથી. ગાંધી રાજય સત્તામાં આદર્શ જુએ છે સાથોસાથ એ સામુદાયિક સત્તાને પણ નજર અંદાજ કરતા નથી. જાણીતા ચિંતક હેન્રી વિલિયમ થૉરોએ એક મહાન વાક્ય ઉચ્ચાર્યું હતું. થૉરોએ કહ્યું છે કે જેમાં રાજય સત્તાનો અમલ અલ્પમાં અલ્પ તે રાજય ઉત્તમ. ગાંધીજી ઉત્તમ રાજય અથવા તો આદર્શ રાજયની સંકલ્પના જુદા શબ્દોમાં કરે છે પણ મહાન ફિલસૂફ થૉરોના વિચારોની સમકક્ષનો વિચાર ગાંધી પણ વ્યક્ત કરે છે.'

ગાંધીજી તેમના 'લોકશાહી અને લોકો' (આપણે સૌ એક પિતાના સંતાન, નવજીવન પ્રકાશન, અમદાવાદ-૧૪, વર્ષ ૧૯૬૯) લેખમાં લોકશાહી આવે ત્યારે ભારતમાં લોકશાસન કેવું હોવું જોઈએ એ સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યા હતા એ વિચારો જોવા જેવા છે. ગાંધીનો એક એક મુદ્દો સાંપ્રત લોકશાહી અને લોકજાગૃતિ માટે પણ શાશ્વત છે. શાશ્વત ગાંધીના મૂલ્યવાન વિચારો નીચે મુજબ યથાતથ મૂક્યા છે :

● સ્વરાજ એટલે સરકારના અંકુશમાંથી સ્વતંત્ર થયાનો અવિરત પ્રયત્ન, પછી એ સરકાર પરદેશી હોય કે રાષ્ટ્રીય હોય. લોકજીવનની પ્રત્યેક બાબતને સુવ્યવસ્થિત કરવા માટે સરકાર પાસે આશા રાખ્યા કરે તો એવી સ્વરાજ સરકાર અફસોસજનક બની જશે.

● આપણે સ્વતંત્ર સ્ત્રીપુરુષો તરીકે જીવી ન શકીએ તો, આપણે મરીને સંતોષ માનવો રહ્યો.

● બહુમતીનો નિયમ અમુક હદ સુધી જ લાગુ પડે છે. નાની બાબતોમાં જ બહુમતીને આધીન થવાય. બહુમતીના ગમે તેવા ઠરાવને વશ થવું એ તો ગુલામી જ કહેવાય... લોકમાનસ એટલે જેમાં લોકો ગાડરની માફક વરતે એવું જ રાજય નહીં. લોકશાસનમાં વ્યક્તિગત વિચારની અને કાર્યની સ્વતંત્રતાનું સાવધાનીપૂર્વક રક્ષણ થવું જોઈએ.

● અંતરાત્માને લગતી બાબતોમાં લઘુમતીના કાયદાને સ્થાન નથી. માણસ તેની નબળાઈને કારણે જ પોતાની સ્વતંત્રતા ગુમાવે છે એવી મારી પાકી ખાતરી છે.

● આપખુદમાં આપખુદ સરકાર પણ તેની રૈયતની સંમતિ વિના ટકી શકે નહીં. આપખુદ રાજકર્તા એ સંમતિ ઘણી વાર બળજબરીથી મેળવે છે. રૈયત આપખુદ શાસકના પશુબળથી ડરતી બંધ થતાંની સાથે તેની સત્તા નષ્ટ થાય છે.

● મોટા ભાગના લોકોને સરકારના અટપટા તંત્રની સમજ હોતી નથી. તેમને ખબર નથી હોતી કે, પ્રત્યેક નાગરિક, મૂકપણે પણ અચૂક રીતે, તેના સમયની સરકાર ચલાવતો હોય છે. જો કે, તે તેને કેવી રીતે ચલાવે છે તેની તેને જાણ હોતી નથી. એથી કરીને પ્રત્યેક નાગરિક, તેની સરકારના પ્રત્યેક કાર્ય માટે જવાબદાર બને છે અને સરકારનાં કાર્યો સહી શકાય એવાં હોય ત્યાં સુધી તેને ટેકો આપવામાં આવે એ બિલકુલ ઉચિત છે. પણ સરકારનાં કાર્યો તેને તથા રાષ્ટ્રને હાનિ પહોંચાડે ત્યારે પોતાનો ટેકો ખેંચી લેવાની તેની ફરજ થઈ પડે છે.

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# રાજયકવિ : સૌજન્ય મૂર્તિ શંભુદાન અયાચી




**ક્ષણના ચણીબોર**
વી. એસ. ગઢવી

સમર્થ સાહિત્યકાર દુલેરાય કારાણી તથા સંસ્કારમૂર્તિ શંભુદાનજી અયાચીના ઉલ્લેખ સિવાય કચ્છના ભાતીગળ સાહિત્યની વાત પૂરી થઇ શકે નહિ. આ બન્ને મહાનુભાવો થકી ઉમદા સાહિત્યસેવા થઇ છે. કવિઓની સ્મૃતિ ચિરંજીવી હોય છે. અમૂર્ત હોય છે. ભર્તુહરી મહારાજે લખ્યું છે :

જયન્તી તે સુકૃતિનો
રસસિધ્ધાઃ કવિશ્વરાઃ
નાસ્તી યેશાં યશઃ કાયે
જરા મરણ જં ભયમ્‌

કવિઓ તૈયાર કરવાની એક સંસ્થા કચ્છમાં શરૂ કરવામાં આવી તે એક અદ્વિતીય ઐતિહાસિક ઘટના છે. કચ્છના રાજવી મહારાઓ લખપતજીની સાહિત્ય પ્રીતિ તેમજ દીર્ઘ દ્રષ્ટિ સિવાય આવી સંસ્થાનું નિર્માણ થઇ શક્યું ન હોત. શિક્ષણની એક ભવ્ય સંસ્થા કચ્છમાં દેશ આઝાદ થયો તેની બે સદી પહેલા શરૂ કરવામાં આવી તે એક ગૌરવયુક્ત ઘટના છે. નાલંદા કે તક્ષશિલા વિદ્યાપીઠોની વાત મહત્વની હોવા છતાં દૂરના સમયની છે. વ્રજભાષા પાઠશાળા તરીકે ઓળખાતી તથા કચ્છની ખ્યાતિમાં વૃધ્ધિ કરતી આ સંસ્થા તો નજીકના ભૂતકાળની ઘટના છે. કચ્છના રાજવી મહારાઓ લખપતજીના પૂણ્યશલોક નામ સાથે જોડાયેલી આ સંસ્થાનો કડિબધ્ધ ઈતિહાસ જળવાયો છે તે આપણું સદભાગ્ય છે. ડૉ. નિર્મલા આસનાનીએ રતુભાઇ રોહડિયા તેમજ વ્રજભાષા પાઠશાળાના છેલ્લા આચાર્ય તથા સુપ્રસિધ્ધ કવિ શંભુદાનજી અયાચીના માર્ગદર્શનથી આ કાર્ય કરેલું છે. કવિ શ્રી નાનાલાલે આ શાળાને કચ્છ પ્રદેશના કીર્તિમુગટ તરીકે ગણાવી છે તે યથાર્થ છે. હમણાં સુધી આપણી વચ્ચે હતા તેવા આ ઐતિહાસિક શાળાના અંતિમ આચાર્ય કવિરાજ શ્રી શંભુદાનજીએ સુંદર શબ્દોમાં વ્રજભાષા પાઠશાળાનું મહત્વ પ્રગટ કરેલું છે.



ઈણ શાલા આશ્રયી
ગામ ગજપશા કમાયા
ઈણ શાલા આશ્રયી
બડા વૈભવ સુ કમાયા
ઈસ તરહ ઈણ શાલા તણો
સુજ્જસ જગ સંચર્યો
કવિ કથે આદિ કવિતા કરત
ભુજનાથ નામ ભલમણ ભયો.

આ શાળાનું શિક્ષણ સર્વાંગી હતું. કાવ્યશાસ્ત્ર ઉપરાંત સંગીત, જ્યોતિષ, નૃત્ય તેમજ અશ્વશાસ્ત્ર આદિ વિષયોનું જ્ઞાન પણ વિદ્યાર્થીઓને આપવામાં આવતું હતું. જ્ઞાની તથા સમર્પિત એવા જૈન આચાર્યો તેમજ વિદ્વાન ચારણ કવિઓ થકી આ સંસ્થાનું ઉચ્ચ ધોરણ જળવાયું હતું.

કવીશ્વર દલપતરામે 'બુધ્ધિપકાશ' માં ઉલ્લેખ કર્યો કે વ્રજભાષા પાઠશાળા ભૂજ જેવું કાર્ય કર્યુ હોય અને અવિસ્મરણિય યોગદાન આપ્યું હોય તેવી સંસ્થા વિશે કદી સાંભળ્યું નથી કે આવી કોઇ અન્ય વિદ્યાપીઠ જોવા પણ મળી નથી. કવિશ્રીએ જે સંસ્થાના આવા ગુણગાન લખ્યા છે તે વ્રજભાષા પાઠશાળા માત્ર કચ્છનુંજ નહિ પરંતુ સમગ્ર ગુજરાતનું ગૌરવ વધારે તેવી અનોખી શૈક્ષણિક સંસ્થા હતી. બસ્સો વર્ષ સુધી કવિઓ તૈયાર થાય તેવી કોઇ સંસ્થાગત વ્યવસ્થા એક રાજવી તથા તેના રાજયકવિની દીર્ઘદ્રષ્ટિથી સ્થાપવામાં અને કાર્યરત રાખવામાં આવે તે ઈતિહાસની એક વિશિષ્ટ ઘટના છે. કાવ્યશાસ્ત્ર ઉપરાંત અનેક વિષયોનું શિક્ષણ આપતી આ પાઠશાળા જીવનના સર્વાંગી તથા સંસ્કારયુક્ત શિક્ષણની એક અદ્વિતિય વ્યવસ્થા હતી. આપણો દેશ સ્વતંત્ર થયો તે ગાળામાં આ સંસ્થા બંધ થઈ. જોકે આ સંસ્થાનું શિક્ષણ સદાકાળ સાંપ્રત ગણાય તેવું હતું. આથી આવી સંસ્થાનો સૂર્યાસ્ત થાય તે અનેક સાહિત્ય અને શાસ્ત્રોના ઉપાસકોને ઉચિત લાગ્યું નથી પરંતુ તે વાસ્તવિકતાનો સ્વીકાર કરવો રહ્યો. ખાસ તો જ્યારે શિક્ષણમાં એકંદર ગુણવત્તાના અભાવનો પ્રશ્ન જ્યારે આજે આપણને પજવે છે ત્યારે આ વ્રજભાષા પાઠશાળાની ઊંચી ગુણવત્તા ફરી ફરી સ્મૃતિમાં આવ્યા કરે છે. કચ્છના શિરમોર કવિ દુલેરાય કારાણી તથા ઈતિહાસવિદ્ રામસિંહજી રાઠોડના મતે ભૂજની વ્રજભાષા પાઠશાળાનું અનેક જીવન વિષયક તથા સાંપ્રત વિષયોમાં નોંધપાત્ર પ્રદાન છે.

કવિઓ જન્મ ધારણ કરે છે. કવિઓનું નિર્માણ થતું નથી. આ એક સ્થાપિત થયેલી અનુભવજન્મ માન્યતા છે. આ માન્યતાથી જુદી રીતે વ્રજભાષા પાઠશાળામાં અનેક કવિઓનું નિર્માણ બસ્સો વર્ષના તેના ઉજળા ઈતિહાસમાં થયું છે તે અહોભાવ પ્રેરક ઘટના છે. પશ્ચિમ ભારતમાં ખૂણે ખૂણે આ સંસ્થાની ખ્યાતિ પ્રસરેલી હતી. દૂર સુદૂરથી વિદ્યાપ્રાપ્તિ માટે સરસ્વતીના ઉપાસકો અહીં આવતા હતા. સ્વામીનારાયણ સંપ્રદાયના મહાન ભક્ત અને મોટા ગજાના કવિ બ્રહ્માનંદસ્વામી ભૂજની આ પાઠશાળામાંજ શિક્ષા દિક્ષા પામ્યા હતા. ખાણ- રાજસ્થાનથી લાડુદાનજી આટલે દૂર કચ્છમાં આવ્યા અને કાવ્યતત્વના પાઠ શીખ્યા તે દર્શાવે છે કે આ સંસ્થાના આકર્ષણથી અનેક પ્રદેશ – ભાષા કે પરંપરામાં જીવન ગાળતા મરમી લોકો માટે વિદ્યાના ધામ જેવી આ પાઠશાળા હશે. લાડુદાનજી સહજાનંદ સ્વામીના પારસમણી સ્પર્શથી બ્રહ્માનંદસ્વામી બન્યા અને એક તેજસ્વી તારકની જેમ આજે પણ તેમના કાવ્યો થકી જીવંત છે અને ઝળહળે છે.

સૌજન્યશીલ તથા સંસ્કારમૂર્તિ સમાન કવિ શંભુદાનજીનું વિશેષ સ્મરણ ડીસેમ્બર માસમાં આવતી તેમની પુણ્યતિથિને કારણે સ્વાભાવિક રીતે થાય છે. એક ભાતીગળ પરંપરાના તેઓ છેલ્લા પરંતુ ઉજળા મણકા સમાન હતા. પાઠશાળાના છેલ્લા આચાર્ય કવિરાજ શંભુદાનજીએ એક ઐતિહાસિક કાર્ય સંપન્ન કરેલું છે. શ્રી દુલેરાય કારાણીના મતે કેટલીક વિશિષ્ટ બાબતોનું ઉપયોગી તથા અર્થપૂર્ણ દસ્તાવેજીકરણ 'કચ્છદર્શન'ના માધ્યમથી થયું છે. પ્રજ્ઞાસંપન્ન સાહિત્યકાર કારાણીના મત મુજબ નીચેની મહત્વની બાબતોનું સુયોગ્ય દર્શન શંભુદાનજીના ઈતિહાસ દર્શનમાં થઇ શકે છે :

એક તો વર્ષો પહેલાની કચ્છી ભાષાના શબ્દપ્રયોગોનું અસરકારક રીતે આલેખન શંભુદાનજીના પુસ્તકમાં થયેલું છે. કચ્છના તહેવારો – ઉત્સવો કેવી રીતે ઉજવાતા હતા તે વાતનું કવિએ દર્શન કરાવ્યું છે. રાજવીઓના લગ્નપ્રસંગોનું વાસ્તવિક ચિત્રણ પણ રાજયકવિના આ ગ્રંથમાં થઈ શકે છે. કેટલાક રાજવીઓના જીવનપ્રસંગોનું પણ સુંદર આલેખન શંભુદાનજીએ કાળજીપૂર્વક કરેલું છે. કારાણી સાહેબે આ ઉપરાંત શંભુદાનજીના ઈતિહાસ આલેખનના કાર્યને બીરદાવતા લખ્યું છે :

" આ બધા પ્રસંગો જો એમણે પ્રગટ ન કર્યા હોત તો એ બધી મહત્વની બાબતો કાળની ગર્તામાં ક્યાંક ઊંડી ઉતરી જાત અને દીવો લઈને શોધવા જતાં પણ તે હાથ આવત નહિ. "

# ગાંધીનગર સાહિત્ય સભાના કોષાધ્યક્ષ હસમુખ મેકવાનનું નાટ્યકલા તથા ટીવી, ફિલ્મમાં યોગદાન બદલ સન્માન



**સાહિત્ય વૃત્ત**
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● જ્ઞાનપીઠ સન્માનથી વિભૂષિત સર્જક રઘુવીર ચૌધરીને જગતસાક્ષર ગોવર્ધનરામ ત્રિપાઠીના સ્મરણાર્થે પૂ. મોરારી બાપુના હસ્તે શ્રીયુક્ત ગોવર્ધન રામ સન્માન તા. ૧૭-૧૨-૨૦૧૭ના રોજ નડિયાદ ખાતે અર્પણ કરવામાં આવ્યું. તેઓને અંતઃકરણ પૂર્વક અભિનંદનસહ શુભેચ્છાઓ.

● સોનલ પરીખની સાહિત્યસેવાઓને ધ્યાને લઈ, એમને મહારાષ્ટ્ર ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી સન્માનિત કરવામાં આવ્યાં. લેખિકાને શુભેચ્છાઓ સહ અભિનંદન.

● હિન્દી ભાષાના ખૂબ જાણીતા સર્જક કૃષ્ણ સોબતીની ભારતના સર્વોચ્ચ સાહિત્યિક પુરસ્કાર 'જ્ઞાનપીઠ એવોર્ડ' માટે પસંદગી કરવામાં આવી છે. તેઓને આ 'જ્ઞાનપીઠ એવોર્ડ' પ્રાપ્ત થાય એ પૂર્વે જ તાજેતરમાં એમનું જૈફવયે અવસાન થયું છે. સ્વર્ગસ્થને શ્રદ્ધા સુમન અર્પણ.

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાન શ્રેણીના ઉપક્રમે તા. ૨૭મી ડિસે. ૨૦૧૭ના રોજ હીરાલાલ ભગવતી સહાગૃહમાં 'ઉશનસ્‌ની કવિતામાં પીડા અને પ્રકૃતિ' વિશે. મણિલાલ હ. પટેલની વકતવ્ય યોજાશે.

● વિવેકગ્રામ દ્વારા પ્રકાશિત અને વિનોદ અમલાણી દ્વારા સંપાદિત; રંગમંચના પ્રસિદ્ધ કલાકાર પ્રતિભા રાવળ વિશે 'પ્રતિભા : પ્રતિભા રાવળની' ગ્રંથનો લોકાર્પણ સમારોહ, વસુબેન, મહેશ ચંપકલાલ અને સતીષ વ્યાસની ઉપસ્થિતિમાં તા. ૧૬-૧૨-૨૦૧૭નાં રોજ હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજાઈ ગયો.

● શ્રી રમણ સોની સંપાદિત અને છેલ્લાં ૨૬ વર્ષથી સાતત્યપૂર્ણ પ્રસિદ્ધ થતા 'પ્રત્યક્ષ' સામયિકનો અંતિમ અંક નવેમ્બર-૨૦૧૭માં પ્રગટ થયો. આ સામે સમીક્ષાનું એકમાત્ર સામાયિક પણ બંધ થયું. 'પ્રત્યક્ષ'ની સાહિત્યિક સેવા સ્મરણીય છે અને રહેશે. સંપાદક રમણ સોનીની સમીક્ષા અંગેની સાહિત્યસેવાને સલામ!

● જાણીતા કવિ અને વાર્તાકાર હર્ષદ ત્રિવેદીને વર્ષ ૨૦૧૬ માટેનો 'કુમાર ચંદ્રક' એમની લોકગીતોની લેખમાળા 'કંકુચોખા' માટે એનાયત કરવામાં આવ્યો. આ સમારંભના અધ્યક્ષ સ્થાને 'જ્ઞાનપીઢ એવોર્ડ' વિજેતા રઘઉવીર ચૌધરી હતા. આ પ્રસંગે હર્ષદ ત્રિવેદીના પુસ્તક 'કંકુ ચોખા'; નવલકથા - 'સોનાની દ્વારકા'; સમગ્ર કવિતાનો સંચય 'ઝાકળમાં ઘર' અને બાળવાર્તા સંગ્રહ 'પાણી કલર'નું વિમોચન અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કવિને મળેલ આ સન્માન એ નગર માટે એક ગૌરવની બાબત છે. હર્ષદ ત્રિવેદીને ખૂબ ખૂબ અભિનંદનસહ અંતઃકરણની શુભેચ્છાઓ.

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનની વાર્તા પાંખનો ત્રીજો વાર્તાશિખર તા. ૧૨-૧૧-૨૦૧૭ના યજમાન યુવાન વાર્તાકાર સંજય ચૌહાણ હતા. આ વાર્તાશિબિર વાર્તાકાર ધરમાભાઈ શ્રીમાળીએ વાર્તા 'છાલક' પ્રતિષ્ઠાનના પ્રમુખ અને કેન્દ્રીય સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા શ્રેષ્ઠ પુસ્તક એવોર્ડથી વિભૂષિત વાર્તાકાર ડૉ. મોહન પરમાર 'વીંટી' નામની વાર્તા અને વાર્તાકાર દશરથ પરમારે 'બંધારણસભા : એક અહેવાલ કથા' રજૂ કરી હતી. સંજય ચૌહાણે 'વટ' વાર્તા, રામ સોલંકીએ વાર્તા 'કથા', સાહિત્યિકાર ભી. ન. વણકરે 'પંખી વછોડો આંબો વાર્તા' અને છેલ્લે દલપત ચૌહાણે 'વિઝિટિંગ કાર્ડ' વાર્તા રજૂ કરી હતી.

● ભારતમાં પ્રથમવાર જયપુર ખાતે બે દિવસીય 'બહુજન સાહિત્ય મહોત્સવ' યોજાઈ ગયો. જેના મુખ્ય આયોજકો મામલતદાર અનુપસિંહ, પૂર્વ સંયુક્ત આવકવેરા કમિ. મનફલ સૈની અને પૂર્વ અધિક પોલીસ અક્ષિધક અનિલ ગોઠવાલ હતા. ભારત સરકારના પૂર્વ કેન્દ્રીય મંત્રીઓ સંજય પાસવાન અને અરવિંદ નેતામ તથા બિહાર અને ઝારખંડના મુખ્ય આવકવેરા કમિ. કે.સી. ઘુમરીયાની વિશેષ હાજરી રહી હતી. સને ૨૦૧૪ના 'ઓસ્કાર એવોર્ડ' માટે નામિત કરાયેલ ફિલ્મ 'કોર્ટ'ના ગીતકાર-સંગીતકાર સંભાજી ભગતની ખાસ ઉપસ્થિતિમાં; ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય અને દલિત સાહિત્ય અકાદમીનો અધ્યક્ષ અને નિવૃત્ત આઈએએસ, સાહિત્યકાર - કવિ - વાર્તાકાર પ્રવીણ ગઢવીએ 'સદ્‌ભાવના ઔર સૌહાર્દકી ઉભરતી નઈ ચુનૌતિયાં' પર વકતવ્ય આપ્યું હતું. આ સમારંભમાં ગુજરાતમાંથી સાહિત્યકાર અને નિવૃત્ત આઈએએસ હરિશ મંગલમ, અરવિંદ વેગડા, દિનુ ભદ્રેસરિયા, રતિલાલ રોહિત અને ધીરજ વણકર ગઢવીને અભિનંદન.

● ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો આશા સરવૈયા, હસમુખ મેકવાન, પ્રકાશ લાલા અને બાળ કલાકાર મનન પુરાણીએ તા. ૧૦-૧૨-૨૦૧૭ના રોજ, પ્રફુલ્લ ભાવસાર લિખિત અને પ્રકાશ લાલા દિગ્દર્શિત એકાંતી નાટક 'ભાઈ ભાઈ સગોભાઈ' આ અભિનયનાં અજવાળાં પાથર્યા હતા. આ નાટક ગાંધીનગર સિનિયર સિટિજન કાઉન્સિલના ઉપક્રમે ખીમજીભાઈ વશરામ હોલ ખાતે યોજાયું હતું. કલાકારોને શુભેચ્છાઓ.

● ગાંધીનગર સાહિત્ય સભાના કોષાધ્યક્ષ હસમુખ મેકવાનનો નાટ્યકલા તથા ટીવી, ફિલ્મમાં વિશેષ યોગદાન બદલ, નડિયાદ શહેર તાલુકા ફોરમ દ્વારા, વિશેષ સભામાં અતિથિ વિશેષ તરીકે સ્થાન આપી, સન્માન કરવામાં આવ્યું હતું. વિશેષમાં મેકવાને ગુજરાતી ફિલ્મો 'લાઈફ ઈઝ બ્યુટીફૂલ; તે કેવા ; બાવરી; પૈસો નચાવે નાચ; ગટુ માય ફ્રેન્ડ; લાઈફ કેમેરા એકશન જેવી ફિલ્મોમાં અભિનયનાં ઓજસ પાથરેલ છે, જે ગૌરવપૂર્ણ બાબત લેખી શકાય. આ ફિલ્મો ૨૦૧૮ના વર્ષમાં ગુજરાત ભરના થિયેટરોમાં રજૂ થશે. હસમુખ મેકવાનને અભિનંદન.

- muljibhaidadhi@gmail.com